College Magazine

# આદિકા

## (વાર્ષિક અંક) દ્વિતીય

## ૨૦૧૪-૧૫



• પ્રધાન સંપાદક •

આચાર્ય આર્ટ્સ કોલેજ ફતેપુરા

• સંપાદક સહાયકો •

આર્ટ્સ કોલેજ

શૈક્ષણિક વિભાગ


• પ્રકાશક •

પ્રિ. ડો. રમેશચંદ્ર એલ. મુરારી

આચાર્ય

આર્ટ્સ કોલેજ ફતેપુરા

જિ. દાહોદ-૩૮૯૧૭૨. ગુજરાત


Scanned by CamScanner

# આદિકા

## AADIKA

શ્રી ગુજરાત રાજ્ય અખિલ ગ્રામ્ય કબીર વિકાસ મંડળ-દાસા
સંચાલિત
આર્ટ્સ કોલેજ ફતેપુરા, દાહોદ-૩૮૯૧૭૨, ગુજરાત
ફોન : ૦૨૬૭૫-૨૩૩૬૮૫
(ગુજરાત યુનિ. સંલગ્ન)
તથા શ્રી ગોવિન્દગુરુ યુનિ., ગોધરા, ગુજરાત

વાર્ષિક-દ્વિતીય અંક ૨૦૧૪-૧૫

ISBN : 978-81-926443-6-3

કિંમત : રૂ. ૮૦-૦૦

---

## આદિકા આપના હાથમાં

પહાડથી ઉતરતી નદીના વેગમાં એક અદ્ભુત શક્તિ હોય છે. સમુદ્રની લહેરોમાં જે થપાટા જોવા મળે છે, ગુલાબમાં જે સુગંધ છે આ તમામના પાછળ ઈશ્વરીય સંકેત વિદ્યમાન છે. તેવી જ રીતે શિક્ષાના ક્ષેત્રમાં સરસ્વતીથી પ્રભાવિત થયેલી આ સંસ્થા દરેક વિદ્યાર્થીના જીવનમાં પોતાની અલૌકિક શક્તિ આપે તેવી કોલેજ વતી આ દ્વિતીય અંકની પત્રિકાનું પ્રકાશન વર્ષ ૨૦૧૪-૧૫ આપ તમામ મહાનુભાવોને આપી હૃદયપૂર્વક આનંદની અનુભૂતિ કરું છું.

આચાર્ય



Scanned by CamScanner

# સોલંકીકાલીન મહત્ત્વના કિલ્લાઓ

પ્રસ્તુતકર્તા : રાઠોડ દેશળરાજબા એલ.
આર્ટ્સ કોલેજ, ફતેપુરા
ઈતિહાસ વિભાગ

ગુજરાતના ઈતિહાસમાં સોલંકીવંશનું એક સવિશેષ મહત્ત્વ રહેલું છે. સોલંકીકાળ એ ગુજરાતના ઈતિહાસનો સુવર્ણકાળ ગણાય છે. તેમના શાસનકાળ દરમિયાન ગુજરાતમાં રાજકીય અને સાંસ્કૃતિક વિકાસ થયો અને તેના પરિપાકરૂપે અનેક કિલ્લાઓનું નિર્માણ થયું. સોલંકીવંશના શાસનકાળમાં આ વંશ દ્વારા ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ તેમણે સામ્રાજ્યનો વિકાસ કર્યો હતો. તેમણે પોતાની સત્તા મજબૂત અને સ્થિર કરવા માટે રાજ્યના મહત્ત્વના નગરોની ફરતે કિલ્લાંઓનું નિર્માણ કરાવેલું. તેમાંના ઘણા કિલ્લાઓ આજે પણ વિદ્યમાન છે. કોઈ નગરોમાં કિલ્લાની બુરજો, કોઈ જગ્યાએ દરવાજા કે તેના ભગ્ન અવશેષો કે ઘણા નગરોમાં જમીનમાં દટાયેલા કિલ્લાના અવશેષો પ્રાપ્ત થાય છે.

પ્રાચીન ભારતના રાજનીતિજ્ઞ ચાણક્ય પોતાના ગ્રંથ અર્થશાસ્ત્રમાં રાજ્યના મુખ્ય છ અંગોમાં એક મહત્ત્વના અંગ તરીકે કિલ્લા અર્થાત્ દુર્ગનો ઉલ્લેખ કર્યો છે. કિલ્લાને એક સંપત્તિ કે ધન ગણ્યું છે. મનુ, યાજ્ઞવલ્ક્ય, કામંધક વગેરે પણ પોતાના રાજનીતિજ્ઞ ઉપદેશોમાં કિલ્લાના મહત્ત્વને સ્પષ્ટ કર્યું છે. એ જ પરિપાટી પર સોલંકી યુગના શાસકોએ પણ રાજનીતિમાં કિલ્લાનું મહત્ત્વ સ્પષ્ટ કરી ઘણા કિલ્લાઓનું નિર્માણ કર્યું.

સોલંકીકાળના કોટ-કિલ્લા ઈંટો અને પથ્થરના બનેલા હતા. ચણતરમાં મોટાભાગે માટી અને ચૂનાનો ઉપયોગ થતો હતો. પથ્થરની દીવાલ વચ્ચેનું પૂરણ ઈંટમાટીનું રહેતું. મજબૂતાઈ માટે દીવાલો જાડી રખાતી અને કિલ્લાના દરવાજાઓ મોટાભાગે પથ્થરના અને નકશીવાળા બનાવવામાં આવતા હતા. દરવાજાને લોખંડના અણીયારાવાળા મજબૂત બારણા રાખવામાં આવતા હતા.

સોલંકીયુગમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતની સીમાની ત્રિભેટે વાયવ્ય સરહદના રક્ષણાર્થે ઝીંઝુવાડાનો કિલ્લો બાંધવામાં આવ્યો હતો. આ કિલ્લો બહુ મોટો નથી. તે સમચોરસ ઘાટનો છે. લંબાઈ-પહોળાઈ અડધા માઈલના વિસ્તારમાં ફેલાયેલી છે. કિલ્લાની ચારેબાજુએ પુરદ્વારોની રચના કરેલી છે. કિલ્લાના ચાર છેડે ભદ્રીક ઘાટના બુરજો છે. ચારે દિશાએ આવેલા પુરદ્વારો પૈકી પશ્ચિમ તરફનું પુરદ્વાર 'મડાયોલ દરવાજા' તરીકે, પૂર્વનું પુરદ્વાર 'નગવાડા દરવાજા'ના નામે, ઉત્તરનું પુરદ્વાર 'ધામાદરવાજા'ના નામે અને દક્ષિણનું પુરદ્વાર 'રાક્ષસપોળ'ના દરવાજા તરીકે ઓળખાય છે. પુરદ્વારો નીચેથી ટોચ સુધી અંદર અને બહારની બાજુએ



Scanned by CamScanner